R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬ (મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

http://jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

ESTD.YEAR- 19•ISSUE: 44 DATE: 31-10-2015•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ? હા( )ના( )

If undelivered pl.return to
સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

## એવોર્ડ પાછા આપનારા ભાજપના વિરોધીઓ છે : અરુણ જેટલી નાણામંત્રી

નાણામંત્રી અરુણ જેટલીએ અસહિષ્ણુતાનો મુદ્દો ઉઠાવીને સરકારી એવોર્ડ પાછો આપી દેનારા સર્જકોને ભાજપના કટ્ટર વિરોધીઓ બતાવ્યા હતા.આ વિરોધી તત્વો ભાજપના અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિરોધીઓ હોવાને કારણે પોતાનો બળાપો કાઢી રહ્યા છે.તેમણે કહ્યું હતું કે કેટલાક લોકો લોકસભાની ચુંટણીમાં વારાણસીમાં નરેન્દ્ર મોદી વિરુધ્ધ પ્રચાર કરવા માટે પણ ગયા હતા.જે લોકો એવોર્ડ પાછા આપી રહ્યા છે તેઓ કોઈને કોઇ રીતે રાજકીય રમત રમી રહ્યા છે.દેશના રાજકારણમાં ડાબેરી વિચારધારા ધરાવતા લોકો માટેનું સ્થાન ઘટી રહ્યું હોવાનો દાવો કરીને જેટલીએ કહ્યું કે જે લોકો એવોર્ડ પાછો આપી રહ્યા છે તેઓ બિહારમાં ભાજપની હાર માટે પ્રયાસ કરી રહ્યા છે.

## ફિલ્મ કલાકાર અનુપમ ખેરે એવોર્ડ વાપસી ગેંગ પર મોદી વિરોધી હોવાનું ટ્વીટ કર્યુ

બોલીવુડ ફિલ્મના કલાકાર અને ભાજપી સાંસદના પતિ અનુપમ ખેર અને ફિલ્મના ડિરેકટર મધુર ભંડારકરે નેશનલ એવોર્ડ પાછા આપવા બદલ દીબાકર બેનરજી અને આનંદ પટવર્ધન જેવા ફિલ્મ નિર્માતાઓની ટીકા કરી હતી. અનુપમ ખેર તેમના પત્ની કિરણ ખેર જેઓ ભાજપના સાંસદ છે એમણે આ એવોર્ડ પાછા આપનારાઓને એવોર્ડ વાપસી ગેંગ તરીકે ગણાવીને ટ્વીટ કર્યું હતું કે આવા અનેક સામાન્ય શકમંદો કે જેઓ કયારેય ઈચ્છતા નથી કે નરેન્દ્ર મોદી વડાપ્રધાન બને તેઓ હવે એવોર્ડ વાપસી ગેંગમાં જોડાયા છે. તેમણે કહ્યું હતું કે આ ફિલ્મ નિર્માતાઓએ નેશનલ એવોર્ડ્સ જ્યુરી અને તેમની ફિલ્મ જોનારા એવોર્ડસના વિજેતા મધુર ભંડારકરે પણ કહ્યુ હતું કે ફિલ્મ નિર્માતાઓનું પગલું એક ફિલ્મ પાછળના લોકોનું અને દર વર્ષે આ પ્રતિષ્ઠિત ટ્રોફી આપનારા ભારતના રાષ્ટ્રપતિનું અપમાન છે.સાત વાર નેશનલ એવોર્ડ વિજેતા બનનાર શ્યામ બેનેગલે પણ એવોર્ડ પાછા આપવાનો ઈન્કાર કર્યો હતો.અભિનેત્રી વિદ્યા બાલને પણ નેશનલ એવોર્ડ પાછો આપવાનો ઈન્કાર કર્યો હતો.

## હરિયાણામાં એક મેગેઝીનમાં બીફના ઉલ્લેખથી વિવાદ

હરિયાણા સ્કુલ એજ્યુકેશન ડીપાર્ડમેન્ટની એક સોસાયટીએ એક મેગેઝીનમાં બીફ અને વીલ(વાછરડાંના માંસ)ને માનવ અંગમાં આયરન વધારતાં ચાર તત્વોમાં સામેલ કરતાં હોબાળો મચ્યો હતો.હરિયાણા સરકારને આ બાબતની જાણ થતાં તેણે મેગેઝીનને હટાવી લીધું હતું.અને તેના સંપાદકની હકાલપટ્ટી કરી હતી.જાણવાની વાત એ છે કે સ્કુલના વિદ્યાર્થીઓ માટે છપાતી આ મેગેઝીનના મુખ્ય સંરક્ષક હરિયાણાના મુખ્યમંત્રી મનોહર લાલ ખટ્ટર છે. હિન્દી અને અંગ્રેજીમાં પ્રકાશિત 'શિક્ષા ભારતી' મેગેઝીનમાં 'આર્યન-વાઈટલ ફોર સ્ટેન્થ' શીર્ષક હેઠળના એક આર્ટીકલમાં અન્ય પ્રાણીઓના માંસ સાથે આર્યન વધારતાં તત્વોમાં ડુક્કર,વાછરડા અને ઘેટાનાં માંસની સાથે બીફનો પણ ઉલ્લેખ છે.

## વિજ્ઞાનીઓના એક જુથે રાષ્ટ્રપતિને અસહિષ્ણુતાની ઘટનાઓ બાબતે યોગ્ય કાર્યવાહી કરવા અનુરોધ કર્યો

કન્નડ વિચારક એમ.એમ. કલબુર્ગીની હત્યા સહિત અસહિષ્ણુતાની ઘટનાઓ પર ચિંતા વ્યક્ત કરતાં વિજ્ઞાનીઓના એક જુથે રાષ્ટ્રપતિ પ્રણવ મુકરજીને અનુરોધ કર્યો છે કે તેઓ યોગ્ય કાર્યવાહી કરે. કેન્દ્ર અને રાજ્ય સરકારોને માનવતા વિરોધી પ્રવૃત્તિઓની વિરુધ્ધ કાર્યવાહી કરવાની અપીલ પણ કરી છે.વિજ્ઞાનીઓએ કહ્યુ હતું કે અમે વિજ્ઞાનીઓ,નિર્દોષ લોકો અને તર્કવાદીઓની હત્યાનું કારણ બનેલી અસહિષ્ણુતા,ધ્રુવીકરણ અને સાંપ્રદાયિક ઘૃણાના સંદર્ભમાં ઘટનાઓ અંગે ચિંતિત છીએ.

રાષ્ટ્રપતિને સોપાયેલા પત્ર પર હસ્તાક્ષર કરનારા વિજ્ઞાનીઓ અને શિક્ષણવિદોમાં પુણે સ્થિત ઈન્ટરયુનીવરસીટી સેન્ટર ફોર એસ્ટ્રોનોમી એન્ડ એસ્ટ્રોફીઝીક્સના પુર્વ ડિરેકટર નરેશ દધીચ તથા ઈન્સ્ટીટ્યુટ ઓફ મેથેમેટીકલ સાયન્સીઝના જી. રાજશેખરન સામેલ છે.આ ઉપરાંત જવાહરલાલ નહેરુ યુનીવરસીટી તથા હરીશચંદ્ર સંશોધન કેન્દ્ર -અલ્હાબાદના શિક્ષણવિદો પણ તેમાં સામેલ છે.

આ પત્રમાં રાષ્ટ્રપતિએ હાલમાં આપેલી એ સલાહની પ્રશંસા કરાઈ હતી કે તમામ પ્રકારના વિચારોનું સન્માન થવું જોઈએ.દેશના વિદ્વાન,લેખકો,સાહિત્યકારો અને વિવિધ વર્ગના બુધ્ધિજીવી લોકો દેશમાં અસહિષ્ણુતાના મુદ્દે એક થઈ રહ્યા છે. અને સરકારને આ બાબતે ઝડપી પગલાં લેવા અનુરોધ કરી રહ્યા છે.

### ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ
નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-
૦૭૯ ૬૫૨૧૪૭૫૬

## બાળકો સાથે દુષ્કર્મ કરનાર ગુનેગારને નપુસંક બનાવવાનો કાયદો ઘડવા મદ્રાસ હાઇકોર્ટનું કેન્દ્ર સરકારને સુચન

મદ્રાસની હાઈકોર્ટે તાજેતરમાં કેન્દ્ર સરકારને સુચન કર્યુ હતું કે બાળકો સાથે થતાં કુકર્મના કેસમાં ગુનેગારોને નપુસંક બનાવવા અંગેનો કાયદો લાવવા સરકારે વિચારવું જોઈએ. મદ્રાસ હાઈકોર્ટની બેન્ચે જણાવ્યું હતું કે વર્તમાન સમયમાં જે કાયદો છે તે બાળકો સાથે થતાં દુષ્કર્મ અટકાવવામાં બિનઅસરકારક નીવડી રહ્યો છે.એક કેસની સુનાવણી દરમિયાન મદ્રાસ હાઈકોર્ટે જણાવ્યું કે દેશના અનેક ખુણાઓમાં બાળકો સાથે દુષ્કર્મ થવાના કેસમાં વધારો થઈ રહ્યો છે.આવા સંજોગોમાં કોર્ટ માત્ર મુકદર્શક કે ચુપ રહી શકે નહીં.તામિલનાડુના ૧૫ વર્ષના કિશોર સાથે દુષ્કર્મ થયાના કેસમાં બ્રિટિશ નાગરિક દ્વારા દુષ્કર્મનો કેસ ન ચલાવવા માટે કરાયેલ અરજી ફગાવતા કોર્ટે આ તારણ કાઢ્યુ હતું.

જસ્ટીસ કરુબકરણે જણાવ્યુ કે પોસ્કો જેવા કડક કાયદા છતાં દેશના અનેક ખુણાઓમાં બાળકો સાથે દુષ્કર્મ થવાના કેસમાં વધારો થઈ રહ્યો છે.આવા સંજોગોમાં કોર્ટ માત્ર મુક દર્શક કે ચુપ રહી શકે નહીં.વર્તમાન સમયમાં જે કાયદો છે તે અસરકારક નથી.આવા સંજોગોમાં ગુનેગારને નપુસંક બનાવવામાં આવશે તો તેની અસર દેખાવાનું શરુ થઈ જશે.૨૦૧૨થી ૨૦૧૪ સુધીમા બાળકો સાથે થતાં દુષ્કર્મના કેસની સંખ્યા ૩૮૧૭૨થી વધીને ૮૯૪૨૩ સુધી પહોચી ગઈ છે.આવા સંજોગોમાં ગુનેગારને નપુસંક બનાવવા જરુરી છે.

## ભારત અને આફ્રિકા શિખર સંમેલનમાં મહેમાનોને બીફ-પોર્ક ભોજનમાં પીરસવામાં નહી આવે

દેશની રાજધાની દિલ્હીમાં ત્રીજા ભારત-આફ્રિકા શિખર સંમેલનની શરુઆત થઈ રહી છે.આ કાર્યક્રમમાં ૫૪ દેશોના વરિષ્ઠ અધિકારીઓ ભાગ લેવાના છે.આ સંમેલન ચાર દિવસ માટે મળનાર છે.જેમાં વડા પ્રધાન મોદી ઘણા દેશોના પ્રમુખો સાથે વાતચીત કરશે.આ સંમેલનમાં ૪૦ દેશોના પ્રમુખ સહિત ૫૪દેશોના પ્રતિનિધિઓ ભાગ લઈ રહ્યા છે.આ પ્રસંગે વડાપ્રધાન મોદી તરફથી યોજાનાર ભોજન સમારંભમાં બીફ અને પોર્કનું માંસ પીરસાસે નહીં. પરંતુ નોનવેજ મેન્યુમાં માછલી અને ચિકનનો સમાવેશ કરવામાં આવ્યો છે.શાકાહારી મેન્યુમાં ગુજરાતી કઢીનો સમાવેશ કરાયો છે.

## ઇકલાખના પરિવારજનો પર હુમલો થવા પાછળનું મુળભુત કારણ તેમના દિકરાનું હિંદુ યુવતી સાથેનું પ્રેમ પ્રકરણ હતું : એબીવીપી

દાદરી ખાતે ગૌમાંસની અફવાને કારણે એક મુસ્લીમ પરિવારના મોભીની હત્યા અને તેના પરિવારજનો પર હિંસક હુમલા પાછળનું મુખ્ય કારણ ઈકલાખના દિકરાનું હિંદુ યુવતી સાથેનું પ્રેમ પ્રકરણ હતું તેવું હિંદુ કટ્ટરવાદી સંગઠનના ટેકેદાર એબીવીપીએ જણાવ્યું હતું.

એબીવીપીના જણાવ્યા મુજબ ઈકલાખનો દિકરો ગામની એક હિંદુ યુવતી સાથે પ્રેમ પ્રકરણમાં સંકળાયેલ હતો. તેથી આ વાતથી યુવતીના પરિવારજનો નારાજ હતા.તેથી તેમણે ઈકલાખના પરિવારજનો પર હુમલો કર્યો હતો.જો કે કેટલીક પાર્ટીના નેતાઓએ કાવતરુ કરીને આ મુદ્દાને ડાયવર્ટ કરી દીધો અને ગૌમાંસ ખાવાની અફવામાં ફેરવી નાંખ્યો હતો.આમ હવે ગૌમાંસના કારણે વિશ્વભરમાં થયેલ મોદી સરકારની નામોશીને કારણે આ હિંસાના તાંડવમાં સંકળાયેલ લોકોએ હવે આ ઘટનાને નવુ સ્વરુપ આપવાનો પ્રયત્ન કર્યો છે.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**

**http://jagadishchristian.com**

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

માત્રને માત્ર હિંદુત્વની દુહાઇ દેનારા ભારતીય જનતા પાર્ટીને હવે લઘુમતીઓમાં સાથ અને વિકાસ દેખાવા લાગ્યો.ગુજરાતમાં આવી રહેલ સ્થાનિક ચુંટણીઓમાં હાલમાં પાટીદારોની અનામતની લડાઇને કારણે પાટીદારો તરફથી મોળો પ્રતિસાદ હોવાને કારણે સૌ પ્રથમ વખત સ્થાનિક સ્વરાજની ચુંટણીમાં લઘુમતિ સમાજને મહત્વ આપવાનું શરુ કર્યું છે.ખાસ કરીને અમદાવાદ અને અન્ય મહાનગરપાલિકાઓના વિસ્તારમાં જ્યાં લઘુમતી સમાજ અગત્યનું ફેકટર છે ત્યાંથી લઘુમતિ સમાજના ઉમેદવારો પર પસંદગી ઉતારવાનો વિકલ્પ વિચારાયો છે.મુસ્લીમ તેમજ ખ્રિસ્તી ઉમેદવારો માટે ટીકીટ વહેચવાનો લ્હાવો ભાજપ લેશે.આ વખતે મોદી લહેર ચુંટણીઓમાં જોવા મળશે કે કેમ તેનો અંદેશો ભાજપની નેતાગીરીને છે.કારણકે લોકસભાની ચુંટણી વખતે વચનોની કરેલ લ્હાણીઓ હજુ સુધી સફળ થઇ નથી.મોઘવારી અને અસહિષ્ણુતાના મુદ્દે ભાજપ પ્રત્યે હવે લોકોને મનમાં કચવાટ ઉભો થયો છે.તુવેરની દાળ ૨૦૦રુ.કિલોના ભાવ થઇ ગયા.અચ્છે દિનની વ્યાખ્યા આવી હશે તેવું લોકો હવે માનતા થઇ ગયા પરિણામે રોષ ઝાઝો છે.હવે આ બધામાંથી બહાર આવવા માટે લઘુમતીઓને ટીકીટ ફાળવીને ફરીથી પોતાનો કક્કો મજબુત કરવા માટે સત્તાધીશો પ્રયત્ન કરી રહ્યા છે.

લઘુમતિઓમાં હવે રાજકીય સત્તામાં ગોઠવાવમાં ની મધલાળ દેખાઇ રહી છે.કોગ્રેસ તરફથી ઉમેદવારો વધી જતાં બધાને ન્યાય આપી શકાયો નથી.પરંતુ હવે જ્યારે ભાજપે પોતાના દરવાજા ખુલ્લા કર્યા છે ત્યારે નિશંકપણે ત્યાં લઘુમતિ ઉમેદવારોની લાઇન લાગશે.

પરંતુ હજુ પણ લાલચુ લોકોએ એક વાત સમજવાની જરુર છે કે સત્તા પર આવ્યા બાદ પાર્ટીના જ લોકોના બેહાલ થાય છે ત્યારે તમારી શી હાલત થશે અને તમારે કારણે તમારા લઘુમતી સમાજની શી હાલત થશે તે તમામ બાબતો અંગે ગંભીર વિચારો કરવાની જરુર છે. માત્ર રાજકારણમાં આવી જવાથી જ લોકોનું કે સમાજનુ કલ્યાણ થઇ જતું નથી.

## મંતવ્ય

ભાજપા સરકારની કોઇપણ પ્રકારની ટીકા કરવામાં આવે તે પછી પક્ષના કોઇ વ્યક્તિ તરફથી હોય કે વિરોધ પક્ષના તરફથી હોય,પરંતુ ભાજપની એક વિશિષ્ટતા છે કે આવી ટીકાઓની સામે પક્ષના કેટલાક નેતાઓ અને કાર્યકરો વરસાદમાં જેમ મેડક ફુટી નીકળીને ડ્રાઉ ડ્રાઉ કરવા લાગી જાય તે પ્રકારે ટીકાઓનો સામનો કરવામાં આવે છે.કોઇપણ સત્યને જુઠમાં પરિવર્તીત કરવાની ભાજપની વિશિષ્ઠતા દાદ માંગી લે તેવી છે. પરંતુ જન માનસને આમ કયાં સુધી છેતરવાનું ચાલુ રાખી શકાશે.સત્તા પર આવ્યા બાદ માત્રને માત્ર લઘુમતીઓને હેરાન કરવાનું અને ગૌમાંસના મુદ્દે દેશમાં અરાજકતા ફેલાવીને માંસાહારીઓમાં એક પ્રકારનો ભય ઉભો કરવાનું વાતાવરણ સર્જવા સિવાય કોઇ ઉપલબ્ધી હાલ પુરતી દેખાતી નથી. મોઘવારી નાબદુ કરવાનું વચન પુરુ કરવાનું તો બાજુ પર રહ્યું પરંતુ કાંદા,લસણ,દાળ જેવી અનેક જીવન જરુરીયાત વાળી ચીજોના ભાવો ભડકે બળે છે અને દેશની ગરીબ અને મધ્યમ વર્ગીય પ્રજા મોઘવારીના ભરડામાં પીસાઇ રહી છે ત્યારે ભાજપાને ગૌમાંસ સિવાય બીજુ કાંઇ દેશમાં દેખાતું નથી.વડાપ્રધાન મોદી શાકાહારી છે તે સારી વાત છે તેથી કરીને દેશની તમામ વસ્તીએ શાકાહારી બની જવું પડે તેવું માનવું સંઘીય અને તેના સાથીદારો માનવું ભુલ ભરેલું છે. દેશમાં વસતા નાગરિકોએ શું ખાવું અને શું ના ખાવું તે ભાજપના સક્રિય કાર્યકરો કે સંઘના સાથીદારોએ નક્કી કરવાનું નથી.આવી ભુલો પાછળ વ્યર્થ સમય બરબાદ કરીને દેશને વિકાસને બદલે પછાત રાખવામાં આ પરિબળો અગત્યનો ભાગ ભજવશે.વિકાસને નામે વોટ માંગનારે આ બાબતે સત્વરે ધ્યાન રાખવું ઘટે છે.

અશ્વિન કે પરમાર


## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

**વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.**

**આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી**

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


# ભારતમાં ધર્મના નામે હિંસાનો વધારો : ધાર્મિક સહિષ્ણુતા રીપોર્ટ -૨૦૧૪માં અમેરીકાનો ખુલાસો

અમેરીકાના વિદેશ મંત્રાલયે આંતરરાષ્ટ્રીય ધાર્મિક સહિષ્ણુતા રીપોર્ટ-૨૦૧૪ જાહેર કર્યો હતો.આ રીપોર્ટમાં ભારતની ધાર્મિક સ્થિતિ પર ગંભીર નિરિક્ષણો કરવામાં આવ્યા હતા. આ રીપોર્ટમાં જે ખુલાસાઓ થયા છે તેનાથી સરકારની નીતિ સામે ઘણા સવાલો ઉભા થયા છે.આ રીપોર્ટમાં જણાવાયું છે કે ભારતમાં વર્ષ ૨૦૧૪માં ધાર્મિકતાથી પ્રેરિત હત્યાઓ,ધરપકડો,રમખાણો અને ધર્મપરિવર્તનો કરવામાં આવ્યા, રીપોર્ટ મુજબ કેટલાક કિસ્સાઓમાં પોલીસ ધાર્મિક હિંસાને ડામવામાં સદંતર નિષ્ફળ રહી છે.

અમેરિકાના વિદેશમંત્રી જ્હોન કેરીએ આ રીપોર્ટ જાહેર કરતાં નોધ્યું કે, ભારતમાં કેટલાક સરકારી અધિકારીઓ દ્વારા ધાર્મિક લઘુમતીઓ વિરુધ્ધ ભેદભાવભર્યા નિવેદનો કરવામાં આવ્યા હતા. રીપોર્ટમાં એમ પણ જણાવાયું છે કે ભારતમાં ધાર્મિક સદભાવના માટે કામ કરતી બિનસરકારી સંસ્થાના નોધ્યા મુજબ,મે ૨૦૧૪ એટલે કે મોદી સરકારે સત્તા સંભાળ્યા પછીથી ૨૦૧૪ના અંત સુધીમાં ૮૦૦થી વધુ સાંપ્રદાયિક ઘટનાઓ નોધાઇ છે.ધાર્મિક લઘુમતિઓનું રક્ષણ કરવામાં અને રમખાણો અટકાવવામાં ભારતની પોલીસ નિષ્ફળ રહી છે.

કેટલાક દિવસો પહેલાં વડાપ્રધાન મોદીએ દાદરીમાં ગૌમાંસ ખાવાની અફવાને પગલે થયેલી હત્યાની પૃષ્ઠભુમિમાં સાંપ્રદાયિક સૌહાર્દ જાળવવા દેશવાસીઓને આહ્વાન કર્યું હતું.આ સંદર્ભે યુએસ એમ્બેસેડર -એટ-લાર્જ ફોર ઈન્ટરનેશનલ રીલીજીયસ ફ્રીડમ ડેવિડ સેપરસ્ટીને જણાવ્યું હતું કે ગૌમાંસ સબંધી થયેલી ઘટનાઓના સબંધે વિવાદ થયા બાદ વડા પ્રધાન મોદીએ વિવિધ સમુદાયોને સહિષ્ણુતા જાળવવા આહ્વાન કર્યું હતું.વડાપ્રધાન આ આદર્શોને વાસ્તવિકતામાં બદલવા જોઇએ અને અમે આ માટે તેમને પ્રોત્સાહિત કરીએ છીએ.

અમેરિકા દ્વારા જાહેર કરવામાં આવેલા રિપોર્ટમાં પાકિસ્તાનમાં પ્રવર્તમાન ધાર્મિક સ્વતંત્રતાની સ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી.રિપોર્ટમાં જણાવાયું હતું કે પાકિસ્તાન સરકાર પોતે ધાર્મિક સ્વતંત્રતાના ગંભીર ઉલ્લંઘનમાં સામેલ રહી છે. અને તેણે આમ થવા દીધું છે.પાકિસ્તાન સરકાર તાલિબાન વિરુધ્ધ કાર્યવાહી તો કરી રહી છે.પરંતુ શિયા,ખ્રિસ્તી,હિંદુ અને અહમદી જેવા લઘુમતી કોમના લોકો વિરુધ્ધ પાકિસ્તાનમાં હિંસા ચાલુ જ છે. પાકિસ્તાનમાં ઈસનિંદાનો કાયદો ધાર્મિક સ્વતંત્રતાનું ઉલ્લંઘન કરે છે.

અમેરિકાએ જાહેર કરેલા ધાર્મિક સ્વતંત્રતાના રીપોર્ટમાં એવો પણ ખુલાસો કરવામાં આવ્યો છે કે મલેશીયન ઈસ્લામિક સત્તાધીશોના વિવિધ પગલાંઓથી બિન-મુસ્લીમ નાગરીકોને અસર થઇ રહી છે.રીપોર્ટમાં નોધવામાં આવ્યું છે કે મલેશીયાના સેલેનગોર ઈસ્લામીક અફૅસ ડિપાર્ડમેન્ટે ગત વર્ષે હિંદુ મંદિર પર રેડ પાડી ધાર્મિક વિધિથી થતાં લગ્ન અટકાવ્યા હતા. કારણકે જે યુવતીના લગ્ન થઇ રહ્યા હતા તે મુસ્લીમ હતી.

# ફટાકડા ફોડવા પર નવા નિયંત્રણ મુકી શકાય નહી : સુપ્રીમ કોર્ટ

સુપ્રીમ કોર્ટે દિવાળીમાં ફટાકડા ફોડવા પર નિયંત્રણ મુકવાનો ઈન્કાર કર્યો છે.ત્રણ બાળકોએ ફટાકડા ફોડવા પર પ્રતિબંધ મુકી દેવાની માંગણી કરતી અરજી હતી તેના સંદર્ભે કોર્ટે કહ્યું હતું.કોર્ટે કહ્યું હતુ કે તમામ પક્ષોને સાંભળ્યા વગર નવી માર્ગદર્શિકા જાહેર ન કરી શકાય કે તેના પર નિયંત્રણ પણ ન મુકી શકાય

અરજકર્તા વતી હાજર વકીલે દલીલ કરતાં કહ્યું હતું કે દિવાળીના દિવસે ફટાકડા ફોડવાની સમય બે કલાકનો હોવો જોઇએ તેમજ કે જાહેર કાર્યક્રમની જેમ એક જ ચોક્કસ સ્થળે ફટાકડા ફોડવા જોઇએ.

કેટલાક હિંદુ સંગઠનો દ્વારા પર આ અરજીના સંદર્ભમાં દલીલો કરવામાં આવી હતી કે આ હિંદુઓની પરંપરા છે કે તેઓ તેમના તહેવારો દરમિયાન ફટાકડા ફોડે તેથી તેની પર નિયંત્રણો દાખલ કરી શકાય નહી.જો કે હજુ સુધી કોર્ટે આ બાબતે કોઇ નવી માર્ગદર્શિકા જાહેર કરવાની મહેતલ આપી નથી.


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

## કેર કોમ્યુટર સેન્ટર

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

## ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્ક: જહોન એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


# વિશ્વ હિંદુ પરિષદે મેનું મા બીફ હોવાના વાંધાને ફગાવ્યો

દિલ્હી કેરળ હાઉસમાં થયેલા બીફ વિવાદની ટીકા કરીને વિશ્વ હિંદુ પરિષદે કહ્યુ હતું કે સંઘ પરિવારના તમામ સંગઠનો કેરળ સરકારના ગેસ્ટ હાઉસમાં કે રાજ્યની હોટેલ્સમાં બીફ પીરસાય તેના વિરોધમાં નથી.કેરળ વિશ્વ હિંદુ પરિષદના એકમ પ્રમુખ એસ.જે.આર,કુમારે હિન્દુ સેના અને રામ સેના જેવા સંગઠનો સામે આરોપ મુકતા કહ્યું કે તેઓ નરેન્દ્ર મોદી સરકારની ઈમેજ ખરાબ કરી રહ્યા છે.

## જાણવા જેવું !

વ્યક્તિ જ્યારે એક ડગલું ભરે ત્યારે તેના શરીરના બસો સ્નાયુઓ એકસાથે હલનચલન કરે છે.

મનુષ્યોના પગમાં ૨,૫૦,૦૦૦ પ્રકારની અંતઃશ્રાવી ગ્રંથીઓ આવેલી હોય છે.

૧૯૮૦ના વર્ષ સુધી સમગ્ર વિશ્વમાં એકમાત્ર ભુતાન જ એવો દેશ હતો જ્યાં ટેલીફોન વ્યવસ્થા ન હતી.

ઈગ્લેન્ડમાં ગૃહ અધ્યક્ષને ગૃહમાં બોલવાની છુટ નથી હોતી.

વ્યક્તિ વર્ષ દરમિયાન ઓછામાં ઓછા ૧૪૬૦ સપના જુએ છે.

સૌથી લાંબુ યુધ્ધ બ્રિટન અને ફ્રાંન્સ વચ્ચે ખેલાયું હતું.આ યુધ્ધ ૧૧૬ વર્ષ સુધી ચાલ્યું હતું.

## કર્ણાટકના મુખ્યમંત્રી સિધ્ધારામૈયાએ બીફ ખાવાની જાહેરાત કરી

ભારતીય જનતા પાર્ટીએ દેશને હિંદુ રાષ્ટ્ર બનાવવાની આદરેલી કવાયતના સ્વરુપે દેશમાં અનેક વિવાદો સર્જાયા છે.જમણેરી વિચારધારા માનનારાઓની હિંસક મનોવૃત્તિને કારણે દેશમાં કેટલાક લોકોએ જાન ગુમાવ્યા છે.અને તેના કારણે અસહિષ્ણુતાનુ વાતાવરણ દેશમાં પેદા થયેલ છે. સરકારી નીતિઓની ભરપુર ટીકા કરતાં અનેક બૌધ્ધિકો,વિજ્ઞાનીઓ,ઈતિહાસકારો,ફિલ્મ નિર્માતાઓ,કલાકરો બહાર આવ્યા છે.

આ સમયમાં કર્ણાટકના મુખ્યમંત્રી સિધ્ધારામૈયાએ જાહેરાત કરતાં જણાવ્યું છે કેતેઓ હમણાં સુધી બીફ ખાતા નહોતા પરંતુ હાલમાં જે પરિસ્થિતિ સર્જાઇ છે તેના કારણે તેઓએ હવેથી બીફ ખાવાનું મન મનાવી લીધું છે. તેઓ હવે બીફ ખાશે.તેમણે આરોપ મુક્યો હતો કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી બિનજરુરી રીતે બીફનો મુદો ચગાવી રહ્યાછે.

## હિંમતનગરમાં ૧૫ પટેલોએ ધર્મ પરિવર્તનની પરવાનગી માંગી

ગુજરાતમાં પાટીદાર અનામત આંદોલને દેશભરમાં ભારે ઉત્સુકતા જગાવી અને આંદોલનને કારણે સરકાર પણ ભારે ભીંસમાં મુકાઈ હતી. હવ પાટીદાર આંદોલનના નેતાઓ સામે સરકારે પોલીસ હથિયાર ઉગામીને તેમને વશ કરવા માટેના પ્રયત્નો આદરી દીધા છે. ત્યારે પાટીદાર સમાજના કેટલાક લોકોએ ધર્મ પરિવર્તન કરવાની મંજુરી માંગતી અરજી કરી છે.

અખિલ ભારતીય પાટીદાર પરામર્શ સમિતિના ૧૫ યુવાનોએ ધર્મ પરિવર્તન કરવા માટે કલેકટરની મંજુરી માંગી હતી. આ અંગે હિંમતનગર પરામર્શ સમિતિના યુવા સંગઠન મંત્રી જતિન પટેલે કલેકટરને આપેલ આવેદનપત્રમાં જણાવાયું છે કે દેશમાં આઝાદીને ૬૮ વર્ષ પુરા થયા છે ત્યારે પાટીદારોને બંધારણીય હક્કોથી વંચિત રાખવામાં આવી રહ્યા છે. હક્ક માંગીએ ત્યારે અત્યાચાર ગુજારવામાં આવતો હોવાથી તેઓએ ધર્મ પરિવર્તન કરવા માટેની તૈયારી દર્શાવી છે. જો કે ધર્મ પરિવર્તન કરવાથી પાટીદારોને કોઈ પણ જાતની અનામતનો લાભ મળવાનો નથી.


IN THE FOOTESTED OF JESUS

HOLYLAND TOUR

પ્રભુ કૃપાથી ઇઝરાયેલ ટુર -૨૦૧૫ નું આયોજન કરેલ છે.

દેશ-પરદેશના ઇચ્છુક ભાઇ-બહેનોને આ ટુરમાં જોડાવવા માટે જાહેર આમંત્રણ છે. આ ટુરમાં આપ જોઇ શકશો

ઇઝરાયેલ, ઇજીપ્ત, જોર્ડન, દુબાઇ બતાવીશું.

Tour Date 11 November,2015

પેકેજ પ્રાઇસમાં સામેલ છે. એરટિકિટ, નાસ્તો, લંચ,ડીનર, એન્ટરન્સ ફીએરપોર્ટ ટેક્સ, વીઝાફી, ખાસ ટીપ((Tips),એરફેર, હોટેલ્સ, ગાઇડ ફી,વાહનભાડાં સામેલ છે. અન્ય કોઇ છુપો ખર્ચ નહિ. ગુજરાતીમાં અનુવાદ સાથે સમજ આપવામાં આવશે.

પ્રાર્થન પોલ ગોહિલ,
C/40,નતાશા પાર્ક રેસીડેન્સી- , નિઝામપુરા, વડોદરા.
૩૨૦૦૨૪ મોબાઇલ નં. ૯૮૭૯૪૪૩૩૭૪,૯૪૨૮૬૯૧૦૮૦
E.mail ID : prarthgohil@gmail.com
* * * * * * * * * * * *


## સરકાર અને ચુંટણીપંચે સાંઠગાંઠ કરીને ચુંટણી મોકુકીનો લીધેલ નિર્ણય ગેરબંધારણીય : હાઇકોર્ટ

સ્થાનિક સ્વરાજની ચુંટણીઓ મોકુફ રાખવાના સરકારના નિર્ણયને હાઈકોર્ટે ગેરબંધારણીય ઠરાવ્યો છે.સ્થાનિક સ્વરાજ્યની ચુંટણીઓ પાછી ખેચવાના મામલે એકટીંગ ચીફ જસ્ટીસ જયંત પટેલ અને જસ્ટિસ એન.વી.અંજારીયાની ખંડપીઠે મહત્વનો ચુકાદો જાહેર કર્યો હતો.ખંડપીઠે સરકારના નિર્ણયને ગેરબંધારણીય ઠેરવીને વહેલામાં વહેલી તકે ચુંટણીની તારીખો જાહેર કરવાનો આદેશ કર્યો છે.

હાઈકોર્ટે ચુંટણીપંચ અને સરકારની ચુંટણી પાછી ઠેલવવાના મામલે આકરી ઝાટકણી કાઢી હતી.કોર્ટે ચુંટણીપંચને ઉદ્દેશીને ઠેરવ્યું હતું કે ચુંટણીપંચે રાજકીય પક્ષોના પ્રભાવમાંથી બહાર આવવું પડશે.ચુંટણીપંચને મળેલી સત્તાનો સ્વતંત્ર ઉપયોગ કરીને નિર્ણય લેવો જોઈએ.પ્રથમ દર્શનીય જણાઈ આવે છે કે સરકાર અને ચુંટણીપંચ વચ્ચે સાંઠગાંઠથી ચુંટણી મોકુફ રાખવાનો નિર્ણય લેવાયો છે.કોર્ટે ચુંટણીપંચ ના કમિશ્નરને એવી ટકોર કરી હતી કે લોકશાહીના સિધ્ધાંતનું પાલન કરીને ચુંટણી યોજાય તેવા નિર્ણયો લેવા જોઈએ. પાટીદાર અનામત આંદોલનના કારણે ચુંટણી ના યોજનાય તેવા બહાના કાઢવાના બંધ કરવા જોઈએ.સરકાર અને ચુંટણીપંચની ચુંટણી મોકુફ રાખવાનો નિર્ણય સ્થાપિત હિતોને પ્રોત્સાહન આપવા માટેનો જણાય છે. ખંડપીઠે ચુંટણીપંચને ચુંટણીઓની ટર્મ પુરી થાય તેની પહેલાં તારીખો જાહેર કરવા આદેશ કર્યો છે.

હાઈકોર્ટે નોધેલા અવલોકનો મુજબ ચુંટણી મોકુફનો નિર્ણય લોકશાહીના પાયાના સિધ્ધાંન્તોનું હનન કરવા સમાન તથા બંધારણને હરાવવાના કૃત્ય સમાન છે.ચુંટણીપંચે કરેલા પત્ર વ્યવહારો લેટર હેડ વગર અને જવાબદાર અધિકારીઓની સહી વગર કરવામાં આવ્યા છે. જેની કોર્ટે ગંભીરતાથી નોંધ લીધી છે.માનવસર્જિત સંજોગો હોય ત્યારે ચુંટણી મોકુફ રાખી શકાય નહી. પાટીદાર અનામત આંદોલનથી કાયદો અને વ્યવસ્થા સચવાય તેમ નથી તે દલીલ કોર્ટને ગળે ઉતરે તેવી નથી.કુદરતી આપત્તિ સિવાયના ખાસ સંજોગોમાં ચુંટણી મોકુફ રાખી શકાય.

સરકારે ચુંટણીપંચ માગે તે તમામ સગવડો જેવીકે પુરતી પોલીસ ફોર્સ,યોગ્ય ઈન્ફાસ્ટ્રકચર વગેરે પુરા પાડવાના રહેશે.ચુંટણીઓની ટર્મ પુરી થાય તે અગાઉ ચુંટણીપંચે તારીખો જાહેર કરવાની રહેશે.સરકાર પાસેથી જરુરી તમામ સગવડો માંગવાની રહેશે.ચુંટણી મોકુફ રાખવાનો નિર્ણય હાઈકોર્ટે ગેરબંધારણીય ઠરાવતા હવે સરકાર પાસે ચુંટણી કરાવવા સિવાય કોઈ રસ્તો નથી.

## લેખકો એવોર્ડ પરત કરીને વૈચારિક અસહિષ્ણુતા ફેલાવી કાગળ પર સરકારનો વિદ્રોહ કરી રહ્યા છે : અરુણ જેટલી




દેશમાં વધી રહેલી સાંપ્રદાયિક ઘટનાઓ બાદ દેશના વિવિધ ભાષાના લેખકો દ્વારા અકાદમી એવોર્ડ પાછા આપવાની ઘટનાને નાણાંમંત્રી અરુણ જેટલીએ ખુબજ તીખા શબ્દોમાં વખોડી કાઢી હતી.તેમણે ફેસબુક પર ખુબજ મોટી નોધ સાથે એક પોસ્ટ લખી હતી તેમા તેમણે એવોર્ડ પરત કરનારા લેખકોની ઝાટકણી કાઢી હતી તથા આ ઘટના પાછળ ચોક્કસ રાજકારણની પણ વાત કરી હતી.તેમણે લખ્યું હતું કે એવોર્ડ પરત કરનારા લેખકોમાં ઘણા બધા ડાબેરી અને નહેરુ વિચારધારા ધરાવતા છે. તેમને ગત સરકાર દ્વારા ઘણા સન્માન આપવામાં આવ્યા હતા. તેઓ મોદીનો પહેલથી જ વિરોધ કરતા આવ્યા છે.મોદી ગુજરાતમના સીએમ હતા ત્યારે પણ તેમનો વિરોધ કરતા હતા. હવે જયારે મોદી વડાપ્રધાન બની ગયા છે ત્યારે તેમની બેચેની વધી ગઈ છે.તેમને ગત સરકારમાં સારુ રક્ષણ મળતું હતું. અને હવે તેમનું શું થશે તેવી ચિંતાએ ખોટો વિરોધ કરી રહ્યા છે. આ માત્ર કાગળ પરનો જ વિદ્રોહ છે.દાદરી કાંડની નિંદા કરતા તેમણે જણાવ્યુ હતું કે દાદરી ખાતે જે પણ ઘટના બની અને હત્યા કરવામાં આવી તે ગંભીર અને નિંદનીય ઘટના છે.કોઈપણ સ્વસ્થ માનસિકતા ધરાવતી વ્યક્તિ આ ઘટનાને યોગ્ય ન જ ગણાવી શકે.જો કે ઘટના પાછળ જવાબદાર લોકો તેમના પક્ષ સાથે સંકળાયેલા છે તેથી આ લોકોની માનસિકતા બાબતે નાણાંમંત્રી કશો ફોડ પાડ્યો નથી.


લગ્ન વિષયક

ખ્રિસ્તી શાસાનુસાર અધિકૃત લગ્નવિધિ કરાવનાર

ગીડીયોન પોલ પરમાર
(ગર્વ.મેરેજ રજીસ્ટાર)
નં. ૯, કનાન સોસાયટી,
મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ

૦૨૬૯૨-૨૫૦૯૬૯
મો.૯૯૨૪૨૦૫૫૦૫, ૯૭૨૩૩૩૨૩૯૬


## મહિલાની સંમતિ વગર સ્પર્શ કરી શકાય નહીં : કોર્ટ

કોઈપણ વ્યક્તિનો કોઈ મહિલાની મંજુરી વગર તેના શરીરને અડવાનો અધિકાર નથી તેમ જણાવી દિલ્હીની એક અદાલતે સેનાની એક હોસ્પીટલના એક કર્મચારીનો ચેમ્બરમાં એક મેડિકલ સ્ટુડન્ટ સાથે કરેલા છેડછાડના કેસમાં તેને છ મહિનાની સજા યથાવત રાખી છે.જજ વિરેન્દ્ર ભટ્ટે કહ્યું હતું કે મહિલાને તેની સંમતિ વગર તેને અડવાનો અધિકાર નથી.દોષિતે પીડીતાને પોતાની ચેમ્બરની બાજુમાં છેડતીના હેતુથી ખેચીં હતી.

અદાલતે સ્ટેનોગ્રાફર તરીકે નોકરી કરી રહેલા દોષિત અશોક કુમારની અપીલ રદ કરીને આ ચુકાદો આપ્યો હતો.અદાલતે તેને ગત મહિને જેલની સજા સંભળાવી હતી. અને રુ.૫૦૦૦નો દંડ ફટકાર્યો હતો.

બીજી ફેબ્રુઆરી ૨૦૧૧ના રોજ ધોલાકુઆ થાણામાં મેડિકલની વિદ્યાર્થીનીએ આરોપ મુક્યો હતો કે તે હોસ્પીટલના સીટી સેન્ટરમાં રાત્રે એક કલાકે કામ કરી રહી હતી ત્યારે કુમારે તેની છેડતી કરી હતી.મહિલાઓ સાથેની છેડતીમાં કોર્ટે ઝડપી સજાઓ કરવી જરુરી છે તો બગડેલી વ્યવસ્થામાં સુધારો આવે.

# ભારતીય જનતા પાર્ટીએ સ્પષ્ટતા કરતાં કહ્યું છે કે અરુણ શૌરી ભાજપના સભ્ય નથી તેથી તેમની વડાપ્રધાન અંગની ટીકાઓ વ્યાજબી નથી

ભાજપના વરિષ્ઠ નેતા અરુણ શૌરીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ટીકા કરતાં કહ્યું હતું કે મોદી માત્ર અર્થતંત્ર મેનેજ કરવાને બદલે હેડલાઈન્સ મેનેજ કરી રહ્યા છે.શૌરીની ટીપ્પણીને ભારતીય જનતા પાર્ટીએ વખોડી કાઢતાં કહ્યું હતું કે શૌરીને સરકારમાં મંત્રી ન બનાવાયા તેની પીડા તેમને થઈ રહી છે.પક્ષ તરફથી એવી પણ સ્પષ્ટતા કરવામાં આવી હતી કે શૌરી હવે ભાજપના સભ્ય પણ નથી.શૌરીએ ત્યાં સુધી કહ્યું હતું કે હવે લોકો ડો.મનમોહનસિંહને યાદ કરવા લાગ્યા છે.આ નિવેદનની ટીકા કરતાં ભાજપના મહામંત્રી અરુણ સિંહે કહ્યું હતું કે શૌરી હવે પક્ષના સભ્ય જ રહ્યા નથી.તાજેતરમાં સભ્યપદ રિન્યુ કરાવવાની ઝુંબેશ થઈ હતી. જે દરમિયાન તેમણે તેમનું સભ્યપદ રિન્યુ કરાવ્યું નથી.દરેક સભ્યએ છ વર્ષે સભ્યપદ રિન્યુ કરાવવાનું હોય છે.

કેન્દ્રીય મંત્રી વેંકૈયા નાયડુંએ પણ શૌરીની ટીકા કરતાં કહ્યું હતું કે તેમના મંતવ્યો એ પક્ષના મંતવ્યો નથી.અને જનતાના મંતવ્યો પણ નથી.સરકારમાં કોઈ કૌભાંડ થયું નથી.એકપણ ભુલ થઈ નથી. દેશભરમાં ભાજપ ચુંટણીઓ જીતી રહ્યો છે.આપણે ત્યાં લોકશાહી છે શૌરીનો અભિપ્રાય હોઈ શકે છે.પણ આ દેશનો અભિપ્રાય નથી.ભાજપના પ્રવક્તા સિધ્ધાર્થનાથે કહ્યું હતું કે હું મારા પુર્વ સાથી અરુણ શૌરીજી માટે એટલું જ કહી શકું કે તેમના નિવેદનમાં એનડીએ સરકારમાં મંત્રી ન બનાવવાની પીડા દેખાઈ રહી છે.લઘુમતી બાબતોના રાજ્યમંત્રી મુખ્તાર અબ્બાસ નકવીએ પણ શૌરીના નિવેદનની ટીકા કરી હતી.એક પુસ્તકના વિમોચન કાર્યક્રમાં શૌરીએ મોદીની ટીકા કરી હતી.અને તે કાર્યક્રમમાં ડો.મનમોહનસિંહ પણ હાજર રહ્યા હતા.શૌરીએ મોદી સરકારની મજાક ઉડાવતાં કહ્યુ હતું કે એનડીએ સરકાર યુપીએ સરકાર જેવી જ છે અને તેમાં માત્ર ગાયનો ઉમેરો થયો છે.

# અસહિષ્ણુતા : વિજ્ઞાનીઓ-ઈતિહાસકારોનો પણ વિરોધ

દેશમાં વધી રહેલા અસહિષ્ણુતાના વાતાવરણ સામે વિરોધ નોંધાવતાં ટોચના વિજ્ઞાની પુષ્પ મિત્ર ભાર્ગવે પણ તેમને મળેલો પધ્મભુષણ એવોર્ડ પાછો આપી દેવાની જાહેરાત કરી છે.તેમનો આક્ષેપ છે કે મોદી સરકાર ભારતને હિંદુ ધર્મના પ્રભુત્વવાળો દેશ બનાવવાનો પ્રયત્ન કરી રહી છે.અન્ય કેટલાક વિજ્ઞાનીઓ અને ઈતિહાસકારોએ પણ સરકાર સામે વિરોધ નોંધાવ્યો છે.આમ, આ મામલે દેશમાં હવે વિરોધનો વંટોળ વધુ તીવ્ર થઈ રહ્યો છે.અશોક સેન,પી બલરામ,મદબુસી રઘુનાથન અને ડી બાલાસુબ્રમણ્યમ જેવા વિજ્ઞાનીઓ અને સાહિત્યકારોએ પણ વિરોધ નોંધાવ્યો છે.

બૌધ્ધિક વર્ગોમાંથી વિરોધના જુવાળમાં હવે ઈતિહાસકારોનું એક જુથ પણ જોડાયું છે.રોમિલા થાપર,ઈરફાન હબીબ,કે એન પાનીકર અને મૃદુલા મુખરજી સહિત ૫૩ જેટલાં ઈતિહાસકારોએ પણ દેશમાં પ્રવર્તી રહેલા અત્યંત અસ્થિર વાતાવરણ અંગે ચિંતા વ્યક્ત કરી છે. અને કહ્યું છે કે આવા સમયે પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સુરક્ષાની કોઈ ખાતરી થાય તેવું કોઈ નિવેદન આપતાં નથી.

ઈતિહાસકારોએ દાદરી ઘટના અને સુધીન્દ્ર કુલકર્ણી પર સ્યાહી હુમલાનો ઉલ્લેખ કરતાં કહ્યું કે શારીરીક હિંસાનો ઉપયોગ કરીને મતભેદોનો ઉકેલ લાવવામાં આવી રહ્યો છે. દલીલનો જવાબ હવે સામે દલીલો કરીને નહીં પણ ગોળીઓથી આપવામાં આવે છે.તેમણે કહ્યું કે જ્યારે લેખકો તેમના એવોર્ડ પાછા આપી રહ્યા છે ત્યારે આવી સ્થિતિઓ અંગે કોઈ ટીપ્પણી થતી નથી.ઉલ્ટાનું મંત્રીઓ તેને કાગળ ક્રાંતિ કહે છે.અને લેખકોને લખવાનું બંધ કરી દેવાની સલાહ આપે છે.બૌધ્ધિકો વિરોધ કરે તો તેમને ચુપ કરી દેવાનું કહેવામાં આવે છે.હૈદરાબાદમાં સેન્ટર ફોર સેલ્યુલર એન્ડ મોલેક્યુલર બાયોલોજીના સ્થાપક ૮૭ વર્ષીય ભાર્ગવે કહ્યું હતું કે તેઓ તેમને ૧૯૮૬માં મળેલો એવોર્ડ પાછો આપી દેશે કેમકે તેઓ માને છે કે દેશમાં હાલમાં ડરનો તીવ્ર માહોલ છે અને તે તાર્કિકતા,કારણ અને વિજ્ઞાની વલણની વિપરીત છે.

જોકે સત્તા મેળવતાં પહેલા જ એ નક્કી હતું કે દેશનું ભગવાકરણ કરી નાંખવું જો સત્તા હાથમાં આવે તો.ત્યારબાદ બહુમતી મેળવવી અને તે બાદ દેશનું બંધારણ બદલી નાંખવું અને જો કોઈ તેનો વિરોધ કરે તો તેને યેનકેન પ્રકારે દાબી દેવો.આ માનસિકતાની સાથે જ જમણેરી પાર્ટીએ પોતાની આકાંક્ષા પુરી કરવાની નેમ રાખી છે.

# પાટીદાર આંદોલનનુ વાવાઝોડુ અલગ દિશામાં ફંટાયુ, ધર્મ પરિવર્તન કરવાની હિલચાલે સરકાર માટે ધર્મ સંકટ ઉભુ થયું

પાટીદાર અનામત આંદોલને ગુજરાત બાદ સમગ્ર દેશમાં હલચલ મચાવી દીધી.ગુજરાતમાં આંદોલને હિંસક વાતાવરણ ઉભુ કર્યું અને આ બાદ ઉભી થયેલ પ્રવાહી સ્થિતિમાં વધુ એક રંગ ઉમેરાયો છે. અનામતનો લાભ નહીં મળતા પાટીદારએ હિંદુ ધર્મનો ત્યાગ કરીને અન્ય ધર્મ અપનાવવાનો રાગ આલાપ્યો છે.ધર્મ પરિવર્તન કરવાનો આલાપ અખિલ ભારતીય સેના દ્વારા કરવામાં આવ્યો છે.સેનાના પ્રમુખ રાજેશ બોઘરોના પ્રસિધ્ધ થયેલ અહેવાલો મુજબ હિંદુ ધર્મનો ત્યાગ કરીને ખ્રિસ્તી અથવા બૌધ્ધ ધર્મ અપનાવવાના માર્ગ તરફ પાસોદરમાં ૫૦૦ પરિવારોએ કાર્યવાહી શરુ કરી છે.આના કારણે પાટીદાર સમાજમાં પણ ઉહાપોહ થયો છે.ટુંકા સ્વાર્થ ખાતર કોઈ વ્યક્તિ જાતિ કે ધર્મ કઈ રીતે બદલી શકે તે પ્રશ્ન ચર્ચાનું કેન્દ્ર બન્યો છે.

જો કે ધર્મ પરિવર્તન કરવાની બાબતમાં સરકારનો મહત્વનો રોલ છે.તેઓ ધર્મ પરિવર્તનની અરજીનો સ્વીકાર કે અસ્વીકાર કરવાનો અધિકાર ધરાવે છે.વળી જે વ્યક્તિ જે ધર્મ અપનાવે તેના લાભ મળી શકે પરંતુ અનામતનો લાભ મળે તેવું નથી.જે વ્યક્તિ જન્મથી દલિત હોય અને તે અનામતનો લાભ મેળવતો હોય તે વ્યક્તિએ પણ ધર્મપરિવર્તન બાદ તલાટીનું પ્રમાણપત્ર રજુ કરવું પડે છે.બૌધ્ધ ધર્મનો અંગીકાર કરનારાઓને લઘુમતીના લાભ મળી શકે છે. પરંતુ તેઓને અનામતનો લાભ મળી શકતો નથી .

આમ અનામતની લડત આડે આવી રહેલા અવરોધો અને સરકાર તરફથી કહેવાતી હેરાનગતિની વાત આગળ કરીને પાટીદારોનો એક સમુહ ધર્મપરિવર્તન કરવાની ધમકી ઉચ્ચારી રહ્યો છે.પાટીદારો અનામત અંગેની લડત યેનકેન પ્રકારે સરકાર પર દબાણ લાવવા પ્રયત્નશીલ છે. જ્યારે સરકાર આ આંદોલનને કચડી નાંખવા પ્રતિબધ્ધ હોય તેવું લાગી રહ્યું છે.

# મહારાષ્ટ્રમાં શિવસેના અને ભાજપના ગઠબંધનમાં દિવસે દિવસે તિરાડ વધુ પહોળી બનતી જાય છે

મહારાષ્ટ્રમાં શિવસેના અને ભાજપ વચ્ચેની તિરાડ દિવસે દિવસે વધુ પહોળી બની જઈ રહી છે.શિવસેનાના નેતા સંજય રાઉતે હવે વ્યથા ઠાલવતા કહ્યું છે કે તેમની પાર્ટી સત્તામાં તો છે પરંતુ સરકાર તેમની નથી.અને નીતિ ઘડવાની પ્રક્રિયામાં ભાગીદાર પણ નથી.ગરીબીને કારણે લાતુરની છોકરીએ કથિત રીતે કરેલી આત્મહત્યા અંગે રાઉતે દેવેન્દ્ર ફડનવીશ સરકાર પર પણ પ્રહારો કર્યા હતા.રાઉતે ૧૬ વર્ષીય કિશોરી સ્વાતિ પીટાલેના પરિવારની મુલાકાત લીધી હતી.તેમણે ઉમેર્યું હતું કે આ પાર્ટીનું વલણ છે.સંજય અને પાર્ટી અલગ-અલગ નથી. આ પરેશાન કરનારી વાત છે.આ આત્મહત્યા પ્રગતિશીલ મહારાષ્ટ્રની તસવીર રજુ કરતી નથી.

મહત્વના વિભાગ શિવસેના પાસે નથી. જો કે હાંસિયામાં ધકેલાઈ ગયા હોવા છતાં સરકારમાં રહેવાનું યોગ્ય ઠેરવતાં રાઉતે કહ્યું હતું કે અમે કોંગ્રેસ અને એનસીપી સામે લડાઈ લડી છે.અને આથી અમે સરકારને બચાવવાનો પ્રયાસ કરી રહ્યા છે.

જો કે શિવસેનાને ભલે હાંસિયામાં ધકેલાઈ ગઈ છે તેના કારણે આ બધા હોબાળા કરે છે તેવા આક્ષેપો ભાજપ દ્વારા કરવામાં આવી રહ્યા છે. પરંતુ કંઈક ખોટુ છે તેવો અંદેશો તો જરુર આવી રહ્યો છે.

★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨



વિનંતી

તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.

AGNELO FREE MARRIAGE SERVECES, INDIA

agnelofreemarriagebureau@gmail.com.

parmar_kanu2002@yahoo.co.in

http://jagadishchristian.com/

Conact No.0091 9824489344,

(R)0091-2692-260332

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

અમી સર્જીકલ

જય ક્રિશ્ચિયન

૧૩,સહયોગ પાર્ક-૧

,ન્યુ ગામડી રોડ, આણંદ.૧

મો.:૮૨૩૮૦૦૧૯૮૯

૯૮૨૪૩૬૨૪૬૨

ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.